## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કીડીનાં સંપથી વિશાળકાય હાથી મરી જાય,
સૌનો શ્રમ કોરોનાનો મહાસાગર તરી જાય,
હારી જાય છે શત્રુ પણ નાની સરખી રસીથી -
હિંમત અને વિશ્વાસ મોટું કામ કરી જાય.

હાઈકુ

થયા તૈયાર
સેનાપતિના શૌર્ય
કરોડો યોદ્ધા

સૌના સાથથી
દેખાતો ડાલમથો
થયો બકરી

(હજ્જારો ડોક્ટર્સ-નર્સ અને નેતાઓનો સફળ પ્રયાસ)

### ચિંતન

ન કરિઃ ચીદાત્મનઃ શત્રું, નાત્માનં કસ્ય ચિ દ્રિ પુમ ।
પ્રકાશયેન્નાપમાનં ન ઘ, નિઃ સ્નેહતાં પ્રભોઃ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

ન તો કોઈને કાયમ માટે પોતાનો શત્રુ ગણવો, અને ન તો કોઈને કાયમ માટે પોતાનો શત્રુ છે એમ જાહેર કરવું. પોતાની ઉપરી અધિકારી દ્વારા થયેલું પોતાનું અવમાન કદાપિ ઢંઢેરો પીટી જાહેર ન કરવું, અને તેમના તરફથી મળેલી પ્રશંસા કે સ્નેહનાં નગારાં વગાડી પ્રચાર પણ ન કરવો.

અહીં બે વ્યવહારું સલાહ આપતાં કહેવામાં આવ્યું છે કે, સંસાર રાજકારણમાં કોઈ કાયમી શત્રુ હોતાં નથી. પુત્રીની પસંદગીના પ્રેમીનો વિરોધ કરી તેને 'શત્રુ' બનાવીએ, પણ લાંબા ગાળે તો તેને 'જમાઈ' તરીકે સ્વીકારી પુત્રવત્ પ્રેમ આપવો જ પડે છે. સંજોગો સદાય પરિવર્તનશીલ હોય છે, મિત્ર ક્યારેક દુશ્મન થઈ જાય અને શત્રુ ક્યારેક મિત્ર થઈ જાય, કંઈ જ કહેવાય નહીં. હાલના રાજકારણમાં આ જોવા મળી રહ્યું છે.

જીવનમાં તટસ્થતા કેળવવી મધ્યમ માર્ગે ચાલવું.

### સુવિચાર

- મનુષ્ય મેં રૂઢતા હોની ચાહીએ જિદ નહીં, બહાદુરી હોની ચાહીએ જલ્દબાજી નહીં, દયા હોની ચાહીએ કમજોરી નહીં, જ્ઞાની હોના ચાહીએ અહંકાર નહીં - **જીવનપાથેય**
- આપ એવા નાના બનો કે દરેક વ્યક્તિ તમારી સાથે બેસી શકે, અને એટલા મોટા બનો કે જયારે તમે ઊંભા થાવ ત્યારે કોઈ બેસી ન રહે - **સુરેશ દલાલ**
- જ્ઞાનહીન આચાર અને આચારહીન જ્ઞાન નષ્ટ થઈ જાય છે - **મહાવીર સ્વામી**
- હે અલ્લાહ ! એટલું કર કે બસ, તું રાજા થાય એવા સત્કર્મો કરી શકું - **કુરાન શરીફ**
- ભણેલા ને ચાર આંખ અને અભણ છતી આંખે આંધળો - **કચ્છી કહેવત**
- એવા માણસો આજકાલ ખૂબ વધી ગયેલા જોઉં છું, કે જેઓને આસાન મળતાં જ શાસન કરવા લાગી ગયા છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : મધ અને તલનું તેલ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી મેલ બહાર આવે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયારે જનરલ પી.પી. કુમારમંગલમ સેનાધ્યક્ષ હતા ત્યારે તમામ સૈન્ય અધિકારી, નાનો સિપાઈ કે કર્નલ સૌ કોઈ તેમી કામ કરવાની રીત અને સ્નેહપૂર્ણ વ્યવહારથી અત્યંત પ્રભાવિત હતા. વડાપ્રધાન ઈંદિરા ગાંધી પણ જનરલનું ખૂબ માન રાખતા. તેમના વિશિષ્ટ કાર્યનાં આધારે તેમને 'પરમવીર ચક્ર' થી અલંકૃત કરવાની રજૂઆત ઈન્દિરાજી એ કરી. જયારે આ વાત જનરલ કુમારમંગલમ્ પાસે પહોંચી ત્યારે તેમણે ઈન્દિરાજીને રુબરુ મળીને વિનમ્રતાથી ના પાડી દીધી. ઈન્દિરાજી એ કારણ પૂછ્યું ત્યારે જનરલે કહ્યું, 'પરમવીર ચક્ર' એ જવાનો અને અધિકારીઓને આપવા જોઈએ જેઓ દેશ પર આક્રમણ દરમિયાન યુદ્ધના મેદાનમાં હથેળીમાં જીવ રાખી માતૃભૂમિની રક્ષા માટે જાન ન્યોચ્છાવર કરવામાં પણ પાછા પડતા નથી. અમે તો સેનાના મુખ્યાલયમાં સુરક્ષિત સ્થાન પર બેઠાં બેઠાં તેમનું માર્ગદર્શન કરીએ. જયારે સાચો સંઘર્ષ તો યુદ્ધ મેદાનમાં હોય છે. તેમની આ વિરતાને આ સન્માન મળવું જોઈએ. હું તો બસ મારી માતૃભૂમિ માટે મારી હર સંભવ સેવાઓ સાથે જ પોતાના કર્તવ્યને પૂરું કરવાનો પ્રયાસ કરું છું. મારા માટે દેશવાસીઓ તરફથી મળનારું સન્માન અને મારા સહયોગઓ તરફથી મળતો સ્નેહ એ જ પુરસ્કાર છે. તે સિવાય માટે બીજું કશું ન જોઈએ' ઈંદિરાજી સર્વોચ્ચ સેનાઅધિકારીઓની મોટપ જોઈને તેમના પ્રતિ શ્રદ્ધાથી ભરાઈ ઊઠ્યા. તેમને એ વાતે ગર્વ થયો કે ભારતીય સેનાના અધિકારી કાર્ય પ્રત્યે પૂર્ણ નિષ્ઠા અને સમર્પણને જ પોતાનો પુરસ્કાર માને છે.

# કાશ્મીરના મહત્ત્વાકાંક્ષી રોડમેપથી યુવા પેઢી પ્રભાવિત થશે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતની 'અસ્મિતા' નો વિચાર રમતો મૂકનાર કનૈયાલાલ મુનશી જીવતા હોત તો વર્તમાન રાષ્ટ્રકારણનો સિનારિયો જોઈ એમની છાતી ગજ ગજ ફૂલતી હોત. મુનશીએ સરદાર પટેલના પ્રતિનિધિ તરીકે નિઝામની મેલી મુરાદ બર આવવા દીધી નહોતી. નહીંતર હૈદરાબાદમાં વધુ એક પાકિસ્તાન સરજાયું હોત. આખા એશિયા ખંડમાં સિંહો ફક્ત ગુજરાતના ગીર વિસ્તારમાં છે. દેશની આઝાદીની બે સૌથી મહત્ત્વનાં ધુરંધરો હતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ. આજના રાષ્ટ્રકારણમાં પણ ગુજરાતના જ બે પ્રખર રાજપુરુષો કેન્દ્ર સ્થાને છે. ગાંધીનગરને એ વાતનું ગૌરવ હોવું જોઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પૂરાં બાર વર્ષ ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી પદે રહી એને વિપક્ષના વિકાસશીલ પ્રદેશ તરીકે પ્રસ્થાપિત કર્યા પછી દેશનું નેતૃત્વ સંભાળવા દિલ્હી ગયા હતા. એ જ રીતે એમના પડછાયા સમા અમિત શાહ ગાંધીનગર સંસદીય ક્ષેત્રના પ્રતિનિધિ બનીને ગૃહમંત્રીની જવાબદારી સંભાળી રહ્યા છે. મુનશી જીવતા હોત તો એમને 'ગુજરાતો નાથ' જેવી જ કોઈ મહાનવલ લખવા માટે જયસિંહદેવ અને મુંજાલની બરોબરી કરી શકે એવા બે ગુજરાતીઓ જરૂર આકર્ષિત કર્યા હોત. મોદી ભલે પોતાને 'પ્રધાનમંત્રી' ને બદલે 'પ્રધાન સેવક' કહેતા હોય પણ ન્યુયોર્ક ટાઈમ્સ જેવા આંતરરાષ્ટ્રીય અખબારમાં વિશ્વના સૌથી લોકપ્રિય રાષ્ટ્રનાયક તરીકે ફ્રંટ પેજ પર એમનો ઋષિ મુદ્રા વાળો ફોટો છપાય છે તેનું પ્રત્યેક ગુજરાતીને ગૌરવ હોવું જોઈએ. મોદીના પ્રોત્સાહનથી ભારત રસી-ઉત્પાદનમાં વિક્રમજનક સિદ્ધિ આંબી શક્યું છે. રસી ઉત્પાદકો પણ એમના જ અભિગમને વધાવી રહ્યા છે. બીજી તરફ જમ્મુ અને કાશ્મીરથી લઈ અયોધ્યાની રામ જન્મભૂમિ જેવી સળગતી સમસ્યાઓનો હલ પણ આ ગુજ્જુ બેલડીએ જ કાઢી બતાવ્યો છે. જમ્મુ અને કાશ્મીરને બાકીના બેલડીએ જ કાઢી બતાવ્યો છે. જમ્મુ ને કાશ્મીરને બાકીના ભારતથી અલગ પાડી વિશેષ દરજ્જો આપતી ૩૭૦ કલમ રદ કરવા માટે ખરેખર છપ્પનની છાતી જોઈએ. એવું સાહસ ખુદ ઈંદિરા ગાંધી કે અટલ બિહારી વાજપેયી નહોતા કરી શક્યા. ઉત્તર ગુજરાતની ભૂમિના બે પનોતા પુત્રોની જોડીએ એ હિંમત દાખવી છે અને આખી દુનિયામાં ધાક બેસાડી દીધી છે. સાઉદી અરબ કે બીજા ઈસ્લામિક દેશોએ જમ્મુ અને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનની કાગારોળને સહકાર આપવાને બદલે એ ભારતનો અંગત મામલો હોવાનું સ્વીકાર્યું છે. તાજેતરમાં કાશ્મીરમાં શરૂ થયેલ જરા જુદા પ્રકારની આતંકી પ્રવૃત્તિને પગલે જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો સમાપ્ત કર્યા પછી બરાબર પચીસ મહિના બાદ ગૃહમંત્રી જાતે ત્રણ દિવસની કાશ્મીર મુલાકાતે ગયા છે. ચાંપા વાણિયાની જેમ એમણે આતંકવાદીઓ, પાકિસ્તાન અને અલગતાવાદી પરિબળોને પડકાર્યા છે. સૌથી પહેલી બેઠક એમણે કાશ્મીરના યુવાનો સાથે કરી છે. કાશ્મીરમાં લાંબા સમય માટે કર્ફ્યૂ અને ઈન્ટરનેટ પ્રતિબંધનો સટીક જવાબ આપતાં અમિત શાહે ઉચ્ચારેલા શબ્દો કાશ્મીરની યુવા પેઢીને હૈયા સોંસરવા ઊતરી ગયા છે. એમણે પ્રશ્નનો જવાબ પ્રશ્ન રુપે જ આપ્યો છે. જો લાંબો વખત કર્ફ્યૂના લદાયો હોત અને ઈંટરનેટ બંધ ન રખાતું હોત તો હિત ધરાવતાં તત્વો ઉશ્કેરણીથી યુવાનો જ ગેરમાર્ગે દોરવાઈને પોલીસ કે અર્ધસૈનિક દળોની અથડામણમાં ઠાર થયા હોત. એ યુવાનો એમના દુખિયારા બાપના ખભે ઊંચકાયેલ જનાજામાં પોઢી ગયા હોત. એટલે કેન્દ્ર સરકારે જે અભિગમ અપનાવ્યો હતો તે અંગે કાશ્મીરી યુવા વર્ગના જ હિતમાં હતો. આજે પરિસ્થઈતિ પલટાતાં કાશ્મીર ફરી પાછું પ્રવાસન પ્રવૃત્તિથી ધમધમી રહ્યું છે, શાળા કોલેજો ખૂલી ગઈ છે અને ધંધા રોજગાર ચાલુ થઈ ગયા છે, જેથી દુશ્મન દેશના પેટમાં તેલ રેડાયું છે. એથી છેલ્લા દિવસો દરમિયાન બિન કાશ્મીરી વસાહતીઓને નિશાન બનાવી ભગાડવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે. પરંતુ કેન્દ્ર સરકાર એ બધાને રક્ષણ પૂરું પાડવા કૃતસંકલ્પ છે. અમિત સાહ છેલ્લા એકાદ મહિના દરમિયાન આતંકવાદીઓના હુમલાનો ભોગ બનેલ પરિવારોને એમના ઘરે જઈને મળી આવ્યા. જમ્મુ અને કાશ્મીરને પોતાના બાપદાદાની જાગીર સમજનારા ત્રણ પરિવારોને પણ એમની હેસિયત બતાવી દઈ તેઓ હવે ડિલિમિટશેન સીમાંક પૂરું કરી કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેરવાઈ ગયેલ રાજયમાં વિધાનસભાની ચૂંટણી કરાવવા કૃતસંકલ્પ છે. એકવાર ચૂંટણી કાર્ય સમુસૂતરું પાર ઊતરે એ પછી જમ્મુ અને કાશ્મીરને એનો રાજયનો દરજ્જો પરત મળશે એ પણ નક્કી છે. આખો રોડ મેપ લઈને કાશ્મીરીની યુવા પેઢી સમક્ષ ઉપસ્થિત થયેલ ગૃહમંત્રીએ ત્યાં સુધી કહ્યું કે અત્યાર લગી કેન્દ્ર જમ્મુ કાશ્મીરને આર્થિક સહાય કરતું રહ્યું છે. આપણે એવી પરિસ્થિતિ સર્જવા માગીએ છીએ કે કાશ્મીર દેશ માટે આર્થિક સહયોગ કરી શકે.

# પ્લાન પાસ અને બી.યુ. સીવાય મિલકત સિટિ સરવેમાં નામે ચઢશે નહી

**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

સીટી સર્વેમાં મિલકતની વિગત તથા માલિકોના નામ ચઢાવવા માટે હવેથી મિલકતના પ્લાન પાસની નકલ તથા બી.યુ. પરવાનગી હશે તો જ સિટિ સર્વેમાં નામ ચઢશે. હવેથી સિટિ સર્વેમાં નામ ચઢાવવા માટે કપરા ચઢાણ ચઢવા પડશે.

રાજ્યમાં થતાં ગેરકાયદેસર બાંધકામોને નાથવા માટે આ નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. હવેથી પ્લાન પાસની નકલ ના હોવા માતેરથી સિટિ સર્વેમાં નામ ચઢશે નહિ. આ નિર્ણયથી રાજ્યમાં થતાં ગેરકાયદેસર બાંધકામોને બ્રેક લાગશે.

રાજ્યમાં કોઈપણ બિલ્ડીંગ તૈયાર થયા બાદ તેના દસ્તાવેજ નોંધણી કરવામાં આવે છે. દસ્તાવેજની ઈન્ડેક્ષની નકલ મળ્યા બાદ તેના આધારે સિટિ સર્વેમાં નામ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. પહેલા આ બે ડોક્યુમેન્ટના આધારે સિટિ સર્વેમાં માલિકોના નામ ચઢતા હતા. હવેથી પ્લાન પાસની નકલ તથા બીલ્ડીંગ યુટીલાઈઝ સર્ટીફીકેટની ફરજીયાત જરૂર પડશે. જે બિગ પ્લાન પાસ ઓથોરીટી દ્વારા કરવામાં આવ્યા હોય તેમજ તેને વાપર ઉપભોગનું સર્ટિફીકેટ ઓથોરીટી દ્વારા રાખવામાં આવ્યું હોય તેવી મિલકત જ હવે સિટિ સર્વેમાં નોંધાશે. ઈન્ડેક્ષના આધારે સિટિ સર્વેમાં નામ નોંધવાની પ્રક્રિયા હવેથી બંધ કરવામાં આવશે. જેથી બિલ્ડરો દ્વારા પ્લાન પાસ કે બી.યુ. સર્ટીફીકેટ વગર મિલકતમાં નામ ચઢાવવાની ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં રોક લાગશે. હવેથી ગેરકાયદેસર બિલ્ડીંગ હશે તો દસ્તાવેજ તો થઈ જશે, પરંતુ પ્લાન પાસ તથા બી.યુ. આવી બિલ્ડીંગને ના મળતા સિટિ સર્વેમાં માલિકોના નામ ચઢશે નહી. અમદાવાદમાં જ આશરે ૫૦,૦૦૦ થી વધારે આવા ગેરકાયદેસર બિલ્ડીંગો હોવાનું બહાર આવ્યું છે. જેમને સીલ લાગશે. ફાયર સેફટી તથા બી.યુ. પરવાનગી સીવાયના બિલ્ડીંગોમાં રહેવું જોખમકારક સાબિત થશે. બેન્કો દ્વારા આવા બિલ્ડીંગોને લોન આપવામાં પણ આનાકાની કરવામાં આવતા ગ્રાહક વર્ગને મોટો ધક્કો પહોંચશે, પરંતુ સેફટીની રીતે સરકારનું યોગ્ય પગલું ગણવામાં આવે છે.

શહેરમાં ફાયર સેફ્ટી, બી.યુ. તથા લીફ્ટની એન.ઓ.સી. સીવાય કેટલાય કોમર્શિયલ અને રહેણાંક બિલ્ડીંગો ધમધમે છે. જેના ઉપર મ્યુનિસિપલ ડિપાર્ટમેન્ટનું એસ્ટેટ ડિપાર્ટમેન્ટ હવેથી તવાઈ બોલાવશે અને કડક પગલા ભરશે. શરત ચૂકના કારણે બિલ્ડીંગને સીલ મારવાના પણ પગલા ભરાશે. જેનાથી નાગરિકોના જાનમાલને નુકશાન ના થાય.

બિલ્ડરો દ્વારા પ્લાન પાસ કે બી.યુ. પરવાનગી સીવાયની મિલકતો ના રજી. દસ્તાવેજ કરવામાં મુશ્કેલી પડશે. આના કારણે સરકારની રેવન્યુમાં પણ ઘટાડો નોધાશે, પરંતુ સરવાળે ગ્રાહકોની સલામતી રહેશે. હવેથી સંપૂર્ણ કાયદેસર પરવાનગી મંજુરી હોય તો જ બિલ્ડીંગને બી.યુ. પરવાનગી આપવામાં આવતા બિલ્ડરો દ્વારા ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંકુશમાં આવશે. ખોટું કરતા અટકશે અને ગ્રાહકો પણ રેરા એપ્રુવલ બિલ્ડીંગમાં જ રોકાણ કરશે.

અગાઉ માત્ર દસ્તાવેજ ઈન્ડેક્ષની કોપીના આધારે માલિકી ખતમાં ફેરફાર કરવામાં આવતો હતો. નવા નિયમો મુજબ હવેથી પ્લાન પાસ તથા બી.યુ. પરવાનગી સીવાયની બિલ્ડીંગો સિટિ સર્વે કચેરી દ્વારા નામે ખાતે કરવામાં આવશે નહી. તેથી રાજ્યમાં ગેરકાયદેસર બિલ્ડીંગો બનતી અટકશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# મન સાફ હોય ત્યારે દુનિયા મજાની લાગે

**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

**છો વેદ વાંચનારાને માનહાનિ લાગે પ્રસ્વેદ**
**પાડનારા અમને તો જ્ઞાની લાગે**
**મન સાફ હોય ત્યારે દુનિયા મજાની લાગે**
**આનંદ ઉચ્ચ લાગે પીડા મજાની લાગે**
**પોણા છ ફૂટની કાયા નહિવત તો નાની લાગે**
**પડછાયા લઈ ફરો તો તંગી જગાની લાગે**
**બાળકને આખી દુનિયા બસ એકલાની લાગે**
**ખોટું છે એ સમજતા એક જિંદગાની લાગે**
**ક્યારેક ચાલી ચાલી તારા સુધી ન પહોંચું**
**ક્યારેક ઠોકરો પણ તારી નિશાની લાગે.**

**- રઈશ મણિયાર**

નવરાત્રી પૂરી થતાં જ નાના-મોટા સૌ પોતપોતાની રીતે દિવાળીની તૈયારીમાં વ્યસ્ત થઈ જાય છે. આપણે સૌ ટેકનો-સેવી (Techno-savy), યુવાપેઢીને જોઈએ ત્યારે લાગે કે તેમના જીવનમાં નિર્દોષ અને નિર્મળ આનંદની કમી વર્તાય છે અને બીજી બાજુ આપણી જ આસપાસ વસતા senior citizens એટલે કે વડીલો ઉત્સાહથી તરવરતા અને જીવનથી ભરપૂર હોય છે. તેઓ ઘરના કામ-કાજમાં, બાળકોને લેવા મૂકવામાં, કસરત કરીને શરીરને તંદુરસ્ત રાખવામાં બધી રીતે નવયુવાનો કરતાં પણ વધુ ઉત્સાહપૂર્વક અગ્રેસર રહે છે. આપણે આપણી આસપાસ એવા ઘણા વડીલો જોયા છે કે જેઓ ૬૦ વર્ષથી પણ વધુ ઉંમરના હોવા છતાં સતત નવું નવું શીખવા તત્પર જ રહેતા હોય છે. પોતાની જાતને સ્ફૂર્તિમાં રાખવા ઉપરાંત પરિવારના કામકાજમાં પણ એટલો જ રસ દાખવે છે. પતિ-પત્ની બંને જો કામ કરી શકતા હોય તો ઘરમાં કોઈ આવા યુવાન વડીલ બાળકોને સ્કૂલ તેમજ ટ્યુશન લેવા મૂકવા જઈ આવતા હોય તેમજ પ્રેમથી તેને જમાડીને તેની સાથે અવનવી રમતો પણ રમતા હોય ત્યારે જ ઑફિસમાં કામ કરનાર મા-બાપ નિશ્ચિંત બનીને પોતાનું કામ કરી શકે.

આજકાલના આ મોર્ડન વડીલો પોતાના સમયમાં પોતે વેઠેલી તકલીફોના રોદણાં પણ નથી રડતા કે તેમના ચહેરા પર હતાશા કે નિરાશાના કોઈ ભાવ પણ નથી હોતા. આનંદ અને ઉત્સાહથી આવનારી પેઢીની નવી વિચારસરણી તેમજ નવા-નવા ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોને તેઓ સમાનભાવે સ્વીકારે છે. તેઓ જીવનનાં અંતિમ ચરણમાં પહોંચ્યા હોય ત્યારે તેમની પાસે આખાયે આ આયખાના સારા-નરસા અનુભવોનું ભાથું હોય છે માટે જરુર પડે ત્યાં તેઓ આપણા પથદર્શક જરુર બને છે પણ છતાં તેમની વાત યંગ જનરેશન ન સ્વીકારે તો હસીને તેને પણ અવગણવાની ખુમારી દર્શાવે છે. અલબત્ત, મનમાં તેઓ જાણતા જ હોય છે આગળ જતાં તેમની આપેલી સલાહ સાચી સાબિત થશે જ પણ છતાં તેઓ ઉદારતાપૂર્વક ઘરના દરેક સભ્યના અલગ અલગ મંતવ્યને સ્વીકારે છે.

ઉંમર સાથે તેમનામાં પરિપક્વતા અને પીઢતા તો આવી જ જાય છે પણ બાળસહજ કુતૂહલવૃત્તિને પણ પોતાનામાં જીવતી રાખવાની તેમની આ પ્રવૃત્તિને સલામ કરવાનું મન થઈ જાય છે. ઘણીવાર તેઓ સતત મોબાઈલની કોઈ એપ્લીકેશન વચ્ચે પૂછ્યા કરે ત્યારે બાળકો તોછડાઈથી કે ઉદ્ધત રીતે તેમને જવાબ આપી દે છે ત્યારે તેઓ અંદરથી થોડા ક્ષુબ્ધ થયા હોય છતાં મુખ પરની રેખાઓ કે હાસ્ય અકબંધ જાળવી રાખતા હોય છે.

પુરુષો મોટાભાગે હસીને પરિવર્તનને સ્વીકારી લેતા હોય છે અને તેમને દુનિયાના કદમ સાથે કદમ મિલાવતાં આનંદ પણ થતો હોય છે. પણ સ્ત્રીઓ જલ્દીથી પરિવર્તનને સ્વીકારી ન શકતી હોવા છતાં પુત્રી કે પુત્રવધુની આધુનિક શૈલીને અપનાવવાનો પૂરો પ્રયાસ કરે છે. આજની જનરેશનની આત્મનિર્ભર અને સ્વમાની પુત્રવધુ ક્યારેક કોઈ પણ બાબતમાં સાસુનો ચંચૂપાત ન ચલાવી લેતી હોય ત્યારે વર્ષો જૂની પરંપરામાં પણ ફેરફાર લાવીને ઘરમાં ખુશહાલ માહોલ જાળવી રાખવાનો પ્રયત્ન આપણી આ સૌમ્ય વયોવૃધ્ધ બહેનો કરે છે. આપણી આસપાસ આપણે આવા કેટલાય વડીલો જાય છે કે જેઓ બહારથી સાવ સામાન્ય લાગતા હોવા છતાં અંદરથી એટલા ઉદાર અને વિશાળ હોય છે કે કોઈ સંત-મહાત્માની પૂજા - અર્ચનાનું પણ તેની આગળ કંઈ જ મહત્ત્વ ન રહે. આવું જ એક દંપત્તિ શ્રી કે.યુ. ટાપરીયા અને અનોપબાનું જોડલું! શ્રી કિરીટભાઈ ટાપરીયા કૉલેજમાં અને નોકરી દરમિયાન તો વૉલીબોલ, ટેબલટેનિસ રમતા જ હતા પણ આજે ૬૦ વર્ષની ઉંમરે પણ નિયમિતપણે દર રવિવારે વૉલીબોલ રમવા જાય છે. એક દિવસ અચાનક જ કોઈએ તેમને ખેલ મહાકુંભમાં ટેબલ ટેનિસ રમવા કહ્યું અને કોઈ પણ જાતની પૂર્વતૈયારી છતાં તેઓ તેમાં ચેમ્પિયન થયા. ગાંધીનગર જિલ્લાની આ કેટેગરીમાં રૂા. ૫૦૦૦નું ઈનામ મેળવવાની સાથોસાથ હવે તેઓ સ્ટેટ લેવલ પર પણ રમવા માટે જવા તત્પર છે. નિયમિતતાનું જીવંત ઉદાહરણ સમા શ્રી કે.યુ. ટાપરીયા અને તેમના પત્ની શ્રીમતી અનોપબા ટાપરીયા વર્ષોથી સાદગીપૂર્વક પોતાનું જીવન જીવી રહ્યા છે. પુત્રી તેમજ પુત્રના લગ્ન બાદ ઘરની જવાબદારી ઉપરાંત પોતાના પૌત્ર-પૌત્રીનું કાળજીપૂર્વક જતન કરીને આનંદપૂર્વક સમય પસાર કરી રહ્યા છે. નિયમિત વાંચન કરવું એ બંનેનો શોખ છે. પણ સારું વાંચી કે સાંભળીને તેને જીવનમાં ઉતારવું અને તેનો અમલ કરવો એ જાણે અનોપબાનો જીવનમંત્ર છે. ક્યારેક કોઈ ન ગમતી બાબતથી દુઃખી થઈ જ જવાય ત્યારે પણ ધાર્મિક પુસ્તકો કે અન્ય ફિલોસોફીકલ વાત યાદ કરીને બધું ખંખેરી તેઓ પોતાના કામકાજમાં વ્યસ્ત બની જાય છે. તો આવો, આ દિવાળીએ આપણી આસપાસ ફૂર્તિ અને તરવરાટ ભર્યા આ સ્વસ્થ, સુંદર, જીવંત અને પ્રેરણાની મૂર્તિ સમા તમામ વડીલોને હૃદયપૂર્વક વંદન કરીએ અને જેમ ફેસબુકમાં like button👍 Press કરીએ છીએ તેમ આ વડીલોના Face to face જઈને એક લાઈક અવશ્ય આપીએ. મકરંદ દવે લખે છે તેમ,

અમે તો જઈશું અહીંથી પણ આ અમે ઊડાડ્યો ગુલાલ રહેશે
ખબર નથી શું કરી ગયા પણ કરી ગયા તે કલામ રહેશે.''

- nehalgadhavi101@gmail.com

# વિદ્યા-દાદા ગણપતભાઈ પટેલ : ભાર વિનાના ભણતરની જેમ જ સંવેદના સાથેનું શિક્ષણ પણ મહત્ત્વનું છે

**નવી સવાર**

રમેશ તન્ના

૧૭મી ઓક્ટોબર, રવિવારે 'મનકી બાત'માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગણપત યુનિવર્સિટીના મોભી અને યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ અને પ્રેસિડેન્ટ શ્રી ગણપતભાઈ પટેલનાં વિદ્યા-કાર્યોની મુક્ત મને પ્રસંશા કરી. બધા જાણે છે કે મોદી સાહેબ ક્યારેય કોઈનાં એમને એમ વખાણ કરતા નથી. મોદી સાહેબ પાસેથી કદરદાની ઝૂંટવવી એ





લોઢાના ચણા ચાવવા જેવું છે. જો તમે ખરા દિલથી માનવતા કે રાષ્ટ્ર માટે કામ કર્યું હોય તો જ તમે વડાપ્રધાનની કદરદાનીના રડારમાં આવી શકો.

અમેરિકાના લૉસ અન્જલસમાં વસતા ગણપતભાઈ પટેલે ખરેખર શિક્ષણ માટે ઘણું મોટું કામ કર્યું છે. અમદાવાદ અને મહેસાણાની વચ્ચે આવેલી ગણપત યુનિવર્સિટી માટે તેમણે અત્યાર સુધી ૪૫ કરોડથી પણ વધારે રકમનું અનુદાન, પ્રેમથી, સામેથી આપ્યું છે. અનુદાન આપવું અને પ્રેમથી-નિસબતથી-સામેથી આપવું તેમાં ફરક છે. બીજું, દાન આપીને છૂટી જવાને બદલે બંધાઈ જવાનું. જે હેતુ માટે દાન આપ્યું હોય તે હેતુ માટે સતત સમય આપીને કામ પણ કરવાનું. આને જ કહેવાય સાચા અર્થમાં તન, મન અને ધનથી કોઈ સંસ્થા માટે કામ કરવું.

ગણપતભાઈ એક નવી અને સાચી વાત વારંવાર કહે છેઃ શિક્ષણ સંવેદના સાથેનું હોવું જોઈએ. આપણા ત્યાં ભાર વિનાના ભણતરની ઘણી વાતો (અને એય પાછી વાતો જ હોં..) થઈ પણ સંવેદના વિશે વિચાર જ ના થયો. સંવેદના વિનાનું શિક્ષણ સ્વસ્થ નહીં પણ શોષિત અને દૂષિત સમાજ ઊભો કરે છે. આપણા દેશમાં આ થયું છે અને થઈ રહ્યું છે. ગણપતભાઈ ભારપૂર્વક માને છે કે જે શિક્ષણ ભણનારમાં સંવેદના અને કરુણા ના જન્માવી શકે તે શિક્ષણનો કોઈ અર્થ નથી. ખરેખર તો આવું શિક્ષણ જોખમી છે. આવું શિક્ષણ પોષક સમાજને બદલે શોષક સમાજનું નિર્માણ કરે છે. આપણા દેશમાં એ જ થયું છે ને ! ભણી-ગણીને વિવિધ હોદ્દે બેસનારા લોકોએ શોષણ કરવામાં પાછું વળીને જોયું નથી. તેથી તો આપણા દેશમાં આવકની અસમાનતાની,અરરરરરરરરરરરરરરરરર.. કહી શકાય તેવી મસ મોટી ખાઈ જોવા મળે છે. એક સરસ વાત કરું. ગણપતભાઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા ગયા ત્યારે તેમણે સાંપ્રત સ્થિતિની ચર્ચા કરતાં કહ્યું હતું કે જેમની પાસે ઢગલો પૈસા છે તેમના હૃદયમાં ગરીબો માટે સંવેદના કેમ નથી ? આવું કહેતી વખતે ગણપતભાઈ રડી પડ્યા હતા. આવા ઋજુ અને સંવેદનશીલ ગણપતભાઈ યુનિવર્સિટીના પરિસરમાં દાદાના હૂલામણા નામે ઓળખાય છે. ગુજરાતને સમયાંતરે આવા પ્રેમાળ અને માનવતાવાદી દાદાઓ મળતા જ રહ્યા છે. મૂકસેવક રવિશંકર મહારાજ દાદા તરીકે ઓળખાતા હતા તો દાદાભાઈ નવરોજી તો હિંદના દાદા તરીકે જાણીતા હતા. ગુજરાતે રાષ્ટ્ર દાદાસાહેબ માવળંકર આપ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ દાદા તરીકે જાણીતા છે. હરિસિંહ ચાવડાને પણ તેમના વિદ્યાર્થીઓ દાદા કહેતા હતા. મને લાગે છે કે લોકભારતી સણોસરામાં મનુભાઈ પંચોળી દર્શકને પણ તેમના જીવનના ઉત્તરાર્ધમાં મનુદાદાનું સંબોધન મળ્યું હતું.

શ્ર ગણપતભાઈ ભલે યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ અને પ્રેસિડેન્ટ હોય પણ આ દાદા કોઈ પરિવારના દાદા હોય તેવા પ્રેમાળ દાદા છે. તેમને કોઈ પણ વિદ્યાર્થીઓ, અધ્યાપકો કે કર્મચારીઓ એપોઈન્મેન્ટ વિના મળી શકે છે. પોતાના વિચારો રજૂ કરી શકે છે. પોતાના મનોભાવ કે હૃદયભાવ વ્યક્ત કરી શકે છે.

કોઈને આ વાત નવી લાગે, નવાઈ ભરેલી લાગે, બિનજરૃરી પણ લાગે.. પણ આ જ વાત સાચી વાત છે. જો શિક્ષણની નહેરમાંલ સંવેદના અને કરુણાનાં નીર વહાવવાં હોય તો વિદ્યાકીય સંસ્થા સાથે સંકળાયેલી પ્રત્યેક વ્યક્તિમાં સંવેદના હોવી જ જોઈએ. કૂવામાં હોય તો જ હવાડામાં આવે અને કૂવામાં હોય તેવું જ હવાડામાં આવે.. આવી પ્રેમભરી પહેલ કરનારા શ્રી ગણપતભાઈએ એક પ્રેરક ઉદાહરણ ઊભું કર્યું છે. ગણપત યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે પદ્મશ્રી ગણપતભાઈ પટેલ સતત સક્રિય છે. ગુજરાતને ઘરઆંગણે એક આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટી મળે તે માટે તેમણે માત્ર ધન જ નથી આપ્યું, પોતાનું તન અને મન પણ આપ્યું છે. એ એવું કરી શક્યા, કારણ કે તેમણે ગણ્યા વિના ગુજરાતના શિક્ષણવિશ્વના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ઉદાર મને સખાવત કરી છે. દરિયાપાર વસતા વતનપ્રેમી ગુજરાતીઓએ માદરે વતન ગુજરાતમાં વિવિધ ઉપક્રમોમાં મોટી રકમનું દાન આપ્યું હશે, પણ શિક્ષણ ક્ષેત્રે અત્યાર સુધી આશરે ૪૫ કરોડ રૂપિયા આપનારા તો ગણપતભાઈ પટેલ એકમાત્ર અને અનન્ય છે. વર્ષોથી પરિવાર સાથે લૉસ એન્જલસ (અમેરિકા)માં સ્થાયી થયેલા ગણપતભાઈનું વતન મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાનું ભુણાવ ગામ. તેમના પિતા ઈશ્વરભાઈ ખેડૂત હતા. ઈશ્વરભાઈને કુલ અગિયાર સંતાનો (છ ભાઈઓ અને પાંચ બહેનો). તેમને હતું કે દીકરો ગણપત ખૂબ ભણે. ગણપતભાઈએ પિતાની ઈચ્છા પૂર્ણ કરી. ધોરણ આઠ સુધી ભુણાવમાં ભણ્યા પછી ગણપતભાઈએ ધોરણ નવથી અગિયાર સુધીનો અભ્યાસ મોટા ભાઈ મોતીભાઈના ઘરે રહીને જૂનાગઢમાં કર્યો. મટ્રિક થયા પછી તેમણે અમદાવાદની એમ. જી. સાયન્સ કૉલેજમાં ગ્રજ્યુએશન કર્યું. એ પછી વધુ અભ્યાસ માટે તેઓ ગજવામાં માત્ર ૩૦૦ ડૉલર લઈને ૧૯૬૫માં અમેરિકા ગયા. ખૂબ સંઘર્ષ કર્યો. ગજવામાં પૈસા ઓછા હતા, પણ આંખોમાં સપનાં મોટાં હતાં. સખત મહેનત કરીને, પેટે પાટા બાંધીને ભણ્યા. ઈલેક્ટ્રોનિક્સ એન્જિનયર થયા. નોકરી કરી, પોતાનો ધંધો કર્યો. પૈસા કમાયા પછી સમાજને-વતનને પાછા આપ્યા.

ધન્ય છે તેમને.

**છાંયડોઃ**

સમાજને પરત આપવાની ગણપતભાઈની ભાવના પાછળ તેમનાં માતા મેનાબાના ઉચ્ચ અને ઉમદા સંસ્કાર છે. તેઓ માનતાં કે સમાજને પાછું આપવું જ જોઈએ. તેમના ઘરે દૂધણું હતું. છાસ કરતાં તો ઘરે ઘરેથી લોકોને બોલાવીને છાસ આપતાં. આ સંસ્કારનું અનુસંધાન એટલે ગણપતભાઈએ વિદ્યાક્ષેત્ર માટે આપેલા કરોડો રુપિયા.